દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬

# વિશ્વમાં ભારત પ્રત્યે સકારાત્મક દૃષ્ટિએ જોનારાઓની સંખ્યા વધારે છે

વિશ્વના ૩૬ દેશોમાં 'પ્યુ રિસર્ચ સેન્ટર' દ્વારા કરવામાં આવેલો એક નવુ સર્વેક્ષણ એક રસપ્રદ ચિત્ર રજૂ કરે છે. એક તરફ શ્રીલંકામાં ભારતને સૌથી વધુ પસંદ કરવામાં આવે છે, તો બીજી તરફ સૌથી વધુ નફરત કે અપ્રિયતા ધરાવતા દેશનું અનુમાન લગાવવું મુશ્કેલ નથી - તે પાકિસ્તાન છે. બીજી તરફ, અમેરિકામાં ભારત પ્રત્યેના મંતવ્યો લગભગ સરખા ભાગે વહેંચાયેલા છે. આમ છતાં એ એક આનંદદાયક વાસ્તવિકતા બહાર આવી છે કે વિશ્વમાં ભારતને હકારાત્મક દૃષ્ટિથી જોનારા લોકોનું પ્રમાણ વધારે છે.

એકંદરે, આ સર્વેક્ષણ ચાલુ વર્ષના ફેબ્રુઆરીથી મે મહિના વચ્ચે યોજાયો હતો જેમાં ૪૨,૦૦૦ થી વધુ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાં બહાર આવ્યું છે કે ૩૬ દેશોના લોકો ભારતને નકારાત્મક કરતા વધુ હકારાત્મક દ્રષ્ટિકોણથી જુએ છે. આ તમામ દેશોમાં, સરેરાશ ૪૫% લોકો ભારત પ્રત્યે સાનુકૂળ વલણ ધરાવે છે, જ્યારે ૪૧% લોકો નકારાત્મક દ્રષ્ટિકોણ ધરાવે છે. સર્વે અનુસાર, સર્વેક્ષણ કરાયેલા તમામ દેશોમાંથી શ્રીલંકામાં ભારત પ્રત્યે સૌથી વધુ (૭૯%) સાનુકૂળ દ્રષ્ટિકોણ જોવા મળ્યો હતો. શ્રીલંકાના લગભગ૬૩% ઉત્તરદાતાઓએ ભારતને પોતાના દેશના મુખ્ય સહયોગી તરીકે ઓળખાવ્યો હતો. માત્ર ૧૧% લોકો જ ભારતને નકારાત્મક રીતે જુએ છે. આ ૨૦૨૪ની સરખામણીએ એક મોટો સુધારો છે, જ્યારે ૬૫% શ્રીલંકનો ભારત પ્રત્યે સકારાત્મક વલણ ધરાવતા હતા.ભારત પ્રત્યેનો આ સાનુકૂળ દ્રષ્ટિકોણ દિલ્હી-કોલંબોના સંબંધોમાં આવેલા સુધારાના પૃષ્ઠભૂમિમાં આવ્યો છે. ૨૦૨૨ માં આર્થિક સંકટને કારણે શ્રીલંકામાં થયેલી અશાંતિ પછી, ભારતે ૭.૫ અબજ યુએસ ડોલરથી વધુની ક્રેડિટ લાઇન અને નાણાકીય સહાય આપીને આ દ્વીપ દેશને ફરી બેઠો કરવામાં મદદ કરી છે. આ ઉપરાંત કેન્યા (૭૧%), યુકે (૭૧%), ઇઝરાયેલ (૬૦%), જર્મની (૬૩%), ઇટાલી (૫૬%) અને સ્વીડન (૫૫%) માં પણ ભારત પ્રત્યે હકારાત્મક દ્રષ્ટિકોણ છે. ભારતના પાડોશમાં ચિત્ર વધુ મિશ્રિત છે, જ્યાં નેપાળ અને બાંગ્લાદેશ જેવા કેટલાંક દેશો અશાંતિ અને બળવાજન્ય પરિસ્થિતિમાંથી પસાર થયા છે.

બાંગ્લાદેશમાં ૪૨% લોકો ભારત પ્રત્યે સાનુકૂળ વલણ ધરાવે છે, જ્યારે ૫૧% લોકો અપ્રિય કે નકારાત્મક વલણ ધરાવે છે. પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીનાને ભારતે આશરો આપ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો છે. ૫૦૦ થી વધુ લોકોના મોત નિપજાવનારા હિંસક વિદ્યાર્થી આંદોલન વચ્ચે હસીનાને ૨૦૨૪ માં બાંગ્લાદેશ છોડીને ભાગવાની ફરજ પડી હતી. મલેશિયા, જ્યાં ૨૦૨૪ માં 'ઇન્ડિયા આઉટ' અભિયાન જોવા મળ્યું હતું, ત્યાં લગભગ ૫૮% લોકો ભારત પ્રત્યે અપ્રિય દ્રષ્ટિકોણ ધરાવે છે. જો કે, એશિયાના અન્ય કેટલાક દેશોમાં ભારતનું મૂલ્યાંકન પ્રમાણમાં સકારાત્મક છે. લગભગ ૫૫% જાપાનીઓ, ૫૧% સિંગાપોરીઓ અને ૫૦% ઇન્ડોનેશિયનો ભારતને સકારાત્મક રીતે જુએ છે. ફિલિપાઇન્સ (૪૯%) અને થાઇલેન્ડ (૫૫%) માં પણ ભારતને સારું રેટિંગ મળ્યું છે. અપેક્ષા મુજબ, પાકિસ્તાન આ યાદીમાં સૌથી અલગ અને નકારાત્મક સ્થાને છે. પ્યુ સર્વે અનુસાર, પાકિસ્તાનમાં સર્વેક્ષણ કરાયેલા ૯૧% લોકો ભારત પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે છે. રસપ્રદ વાત એ છે કે, ૭% લોકો હકારાત્મક અભિપ્રાય પણ ધરાવે છે. રસપ્રદ એટલા માટે કારણ કે પાકિસ્તાન તેની હાઇબ્રિડ નાગરિક-સૈન્ય વ્યવસ્થામાં વિરોધના અવાજોને દબાવવા માટે જાણીતું છે.

બંને પરમાણુ શસ્ત્રધારી પડોશીઓ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા તણાવને જોતાં આ પરિણામ બિલકુલ આશ્ચર્યજનક નથી. મે ૨૦૨૫ ના સંઘર્ષ અને સિંધુ જળ સંધિને ભારતે મુલતવી રાખ્યા બાદ મુત્સદ્દીગીરીના સ્તરે સંબંધો તળિયે પહોંચી ગયા હતા. પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું, જેમાં આતંકવાદી કેમ્પોને નષ્ટ કરવામાં આવ્યા હતા અને પાકિસ્તાની એરબેઝ પર હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાન પછી, તુર્કી (૧૫% હકારાત્મક) અને વેસ્ટ બેંક તથા પૂર્વ જેરૂસલેમ (૧૮%) માં ભારતનું રેટિંગ સૌથી ઓછું છે. ઓસ્ટ્રેલિયામાં, જ્યાં તાજેતરમાં વિદેશી વિરોધી પ્રદર્શનો જોવા મળ્યા હતા, ત્યાં લગભગ ૫૫% લોકો ભારત પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે છે. સર્વે દર્શાવે છે કે અમેરિકનો ભારત અંગે વિભાજિત છે. અમેરિકામાં સર્વેક્ષણ કરાયેલા અડધા લોકોએ કહ્યું કે તેઓ ભારત પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે છે, જ્યારે ૪૫% લોકોએ સકારાત્મક મૂલ્યાંકન કર્યું હતું. પ્યુ એ તેના અહેવાલમાં નોંધ્યું છે કે આ રેટિંગ્સ ૨૦૦૮ પછીના સૌથી નીચા સ્તરે છે. વાસ્તવમાં, ડેટા દર્શાવે છે કે સાનુકૂળ દ્રષ્ટિકોણ ધરાવતા અમેરિકનોનો હિસ્સો ૨૦૨૩ માં ૫૧% થી ઘટીને ૨૦૨૬ માં ૪૫% થઈ ગયો છે. જો કે, અમેરિકનો ભારતને કેવી રીતે જુએ છે તેમાં પક્ષપાતી વિભાજન (રાજકીય મતભેદ) પણ છે. લગભગ ૫૦% ડેમોક્રેટ્સ ભારત પ્રત્યે સાનુકૂળ દ્રષ્ટિકોણ ધરાવે છે, જેની સરખામણીએ ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટી રિપબ્લિકન્સના માત્ર ૪૨% લોકો સકારાત્મક વલણ ધરાવે છે. ટ્રમ્પના શાસન હેઠળ, ટેરિફ (જકાત) અને વેપાર કરારને લઈને ભારત અને યુએસ વચ્ચેના સંબંધોમાં ઉતાર-ચઢાવ આવ્યા છે. ટ્રમ્પનું પાકિસ્તાન પ્રત્યેનું કૂણું વલણ, જેણે તેમના અહંકારને સંતોષવામાં કોઈ કસર છોડી નથી, તેણે પણ બંને દેશોના સંબંધોમાં અસ્વસ્થતા ઊભી કરી છે. એક વાત સ્પષ્ટ છે કે ભારત પર હકારાત્મક દૃષ્ટિએ જોનારા લોકોની સંખ્યા વિશ્વમાં વધારે છે.

## સૌથી મોટી સંપત્તિ

એક ગામમાં એક સાવ સાધારણ માણસ એકલો રહેતો હતો,રહેવા માટે નાનકડું ઘર અને મહેનત કરી કમાતો અને ગુજરાન ચલાવતો માંડ થોડી બચત કરતો.તેનું જીવન એકદમ સરળ હતું... ન તેની મોટા માણસોમાં ગણના થતી, ન કોઈ ખાસ ઓળખ હતી... તેમ છતાં તેના ઘરના નાનકડા ઓટલા પર હંમેશા કોઈને કોઈ દેખાતું.

ક્યારેક કોઈ ભૂખ્યો આવી ચઢતો પણ ભૂખ્યો પાછો ન જતો, ક્યારેક કોઈ માત્ર વાતો કરવા આવતું અને તેને મજા આવતી, ક્યારેક કોઈ પરેશાની લઈને આવતું તો તેને થોડી પણ મદદ અચૂક મળતી, ક્યારેક કોઈ માત્ર એક પ્યાલી ચા પીવા આવતું તેને ગરમાગરમ ચા નાસ્તો મળતા.ક્યારેક કોઈ મન ખાલી કરવા આવતું તેની બધી વાત શાંતિથી સાંભળવામાં આવતી અને તે હલકો થઈ શકતો.

એક સાવ સાધારણ માણસ આ બધું જ એકલે હાથે શાંતિથી કોઈ શોરબકોર વિના કરતો હતો.એક દિવસ એક દોસ્ત ચા પીવા આવ્યો તેને કહ્યું, 'દોસ્ત મને એ કહે કે તે જીવનમાં તારા માટે શું કમાયું, શું મેળવ્યું?'

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પેલા માણસે શાંતિથી ઉત્તર આપ્યો, 'આમ તો ખાસ કઈ નહિ, હા પણ હું ચોક્કસ કોશિશ કરું છું કે મારા કારણે કોઈની સાંજ સુધરી જાય, કોઈને આંસુ સારવા ખભો મળે કે પછી કોઈની પરેશાની દુર કરવા બનતી મદદ....' તેની વાત વચ્ચેથી જ કાપતાં મિત્ર બોલ્યો, 'અરે પણ એમાં તને શું મળે ...'

પેલો માણસ કઈ ન બોલ્યો માત્ર મીઠું હસ્યો.આમ જ તેમના દિવસો વિતતા રહ્યા,તેમના ઘરના ઓટલે કોઈ ને કોઈ આવતું રહ્યું.

એક દિવસ રાત્રે તેઓ સુતા પણ સવારે ઉઠ્યા જ નહિ, ઘરના ઓટલે દેખાયા નહિ પડોશીઓ ભેગા થયા જોયું તો ઊંઘમાં જ તેમનું મૃત્યુ થયું હતું.તેમના મૃત્યુના સમાચાર ફેલાયા અને એક રાજા કે નગર શેઠ કે મોટા શ્રીમંત માણસ ના મૃત્યુનો શોક કરવા તેમની સ્મશાનયાત્રામાં સામેલ થવા જેટલા લોકો આવે તેનાથી અનેકગણા લોકો આ સાધારણ માણસની સ્મશાનયાત્રામાં સામેલ થવા આવ્યા હતા અને એકબીજાને કહી રહ્યા હતા તેમણે મારા અશાંત મને શાંતિ આપી હતી.... તેમને મને મદદ કરી હતી ...કોઈ મારી સાથે ન હતું ત્યારે તેમણે મને સાથ આપ્યો હતો...તમને મને જમાડ્યો હતો ....આવું કહેનાર એક બે નહિ અનેક લોકો હતા.

પેલા માણસના દોસ્તે કહ્યું, 'આ માણસે પોતાના જીવનમાં સંપત્તી ભેગી કરી ન હતી છતાં તેની કમાણી ભરપુર હતી.તેણે પોતાની અસર દરેકના મન પર છોડી હતી બધા તેને એક સારા માણસ તરીકે યાદ કરી રહ્યા હતા એજ તેના જીવનની સૌથી મોટી સંપત્તિ હતી.'

# "અંગ્રેજો ભારત છોડો"ને સાચા અર્થમાં સમજીયે તો

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**ચાલાક લોકો ઘણીવાર આપણી ચિંતાના નામે પોતાનો સ્વાર્થ સાધતા હોય!**

૧૯૪૨ માં અગ્રેજી શાશન સામે ગાંધીજી એ છેલ્લુ રણસિંગુ ફૂકયું કે "અંગ્રેજો ભારત છોડો"અને આઝાદી ની ચળવળ ને નવો વેગ મળ્યો. પાંચ વર્ષ પછી અંગ્રેજો એ ભારત છોડ્યું આજે ૨૦૨૬ માં આ ભારત છોડો ના ૭૯ વર્ષ થયા . આપડા નેતાઓ બહુજ સૂત્રાત્મક રીતે"ભારત છોડો"આંદોલન ને આપણા સામજિક આંદોલન ના સુત્રો સાથે જોડી દે છે .."ભ્રષ્ટાચાર ભારત છોડો"."ગંદગી ભારત છોડો""અસ્પૃશ્યતા ભારત છોડો""પ્રદુષણ ભારત છોડો".. વગેરે તાલીપડતા સુત્રો થાકી સૌ ગાંધી બનવા નીકળ્યા છે. તે સમયે જરા યાદ કરો કે ગાંધીજી ના ભારત છોડો નો સાચો અર્થ અને સંદર્ભ શું હતો ?

૧૮૫૭ ના સ્વતન્ત્રતા સંગ્રામ પછી બ્રિટીશ સરકારે ભારતમાં રહેલા ઈસ્ટ ઈન્ડિયા કંપની ના શાશન ને પોતાના હાથમાં લઈ લીધું અને ભારતમાં કંપની શાશનનો અંત આવ્યો હતો બ્રિટીશ શાશન શરુ થયું હતું શરુ આત્મા અંગ્રેજો સામે પ્રજાના આક્રોશને ઠંડો પાડવા બ્રિટીશ અસ્કારે એવું દેખાસ્ડવા નો પ્રયત્ન કર્યો હતો કે આમે તમારું ભલું કરીશું આમે કંપની નથી સરકાર છીએ જેમ ઈગ્લેન્ડ નો વિકાસ થાયછે તેમાં ભારતનો વિકાસ કરીશું અંગ્રેજી શાસકો એ આહિયા બેંકો સ્કૂલો રેલ્વે વહીવટ વગેરે સેવા ચાલુ કરી અને માળખાકીય સુવિધા ઉભીકારી ભરતીઓ ને વહીવટમાં નાના સ્થનો પર નોકરી રાખવા લાગ્યા અને પ્રજનો ગુસ્સો થડો પાડવાનો પ્રયત્ન કર્યો પણ શિક્ષણ અને માહિતી વધતા ઉલટાનું પ્રજાને ગુલામી નો અહેસાસ થયો અને સમજણ વિકસી તો અંગ્રેજો નો વિરોધ વધ્યો ૧૯૩૫ પછી ગાંધીજી જેવા અનેક મહ્નુભાવો લડતમાં જોડાયા અને આઝાદી નીલાદ્દત નું ચોક્કસ સ્વરૂપ બન્યું અને આંદોલન વિસ્તાર પામ્યું પછી અંગ્રેજો એ પોતે ભારતને ગુલામ રાખવા નથી માંગતા આવો દેખવા શરુ કર્યો અને મીટીંગો ચાલુ કરી ગોળમેજી પરિષદો શરુ કરી સુધારા કમિશનો બેસાડ્યા સ્થાનિક સરકારો સ્થાપી અને મૂળ સત્તા અંગ્રેજો ના હાથમાં રહે એ રીતે ભારત ને સવત્ન્ત્રતા આપવા નો તખ્તો ગોઠવાયો હવે ગાંધીજી સમજી ગયા હતા કે અંગ્રેજો કોઈ રીતે ભારત ને પૂર્ણ સ્વરાજ્ય આપવા માંગતા નથી .૧૯૩૫ ના સ્કીપ્ત સુધાર નો પણ તેમને વિરોધ કર્યો હતો અને જયારે અંગ્રેજો ના એવા સુર તેમને સાંભળ્યા કે ભારત ને પહેલા આત્મ નિર્ભર આઝાદીને લાયક થવા દો અત્યારે ભારત આઝાદ થશે તો સરકાર કોણ ચલાવશે ?લુટાર અને પીન્ધારા ના હાથમાં આ દેશ ના સોપાય, આલોકો ને દેશ ચલાવતા ના આવડે. ત્યારે ગાંધીજી એ કહ્યું કે અમારી ચિંતા છોડો અમે અમ્રુ ફોડીલીઈશું. તમે અહીંથી જાવ, અગ્રેજો ભારત છોડો ...અમને આત્મ નિર્ભર થવા દો ..તમે ભારત છોડો ..અમારી ચિંતા ના નામે તમે સત્તા માં ના ચોટો ..અમે અંદરો અંદર લડી મરીશું કે વિકાસ ના પંથે અગલ વધીસુ પણ તમે અમારી ચિંતા છોડો તમે જાવ

ચલક લોકો ઘણીવાર આપણી ચિંતા ના નામે પોતાનો સ્વાર્થ સાધતા હોય છે. અંગ્રેજો આપણી ચિંતા નો દેખાવ કરી ને આપણને ઉલ્લુ બનવતા હતા અને માટે ગાંધીજી એ આ ચાલકી સામે અવાજ ઉઠવ્યો હતો.જો આ ભારત છોડો આંદોલંન નો સાચો અર્થ અત્યારે પરજ સમજે તો એણે સરકારને કહેવું જોઈએ કે અમારી ચિંતા અમે કરીશું અમારી ચિંતા ના નામે તમે ચારી ખાવનું બંધ કરો સરકારનું કામ કાયદા બનવવાનું છે સ્માર્ત સીટી બનવવાનું નથી વહીવટ કરવાનું છે વેપાર કરવાનું નથી પ્રચાર ને પ્રવચનો કરવાનું નથી જ .અત્યરે સરકાર રોજ સાવર પડે પ્રજને સલહ આપે છે પ્રથમ નજરે અત્યંત મહત્વની લાગે ગલ ચતી લાગે,સામન્ય માણસ ઝડપ થઈ વિરોધ પણ ના કરે ..જરા વિચારો ..પ્રજા એ વાંચવું જોઈએ ,દીકરીને જન્મવા દેવી જોઈએ ,ગંદકી ફેલાવવી નહિ ,બાળકોને ભણવાનું ટેન્શન ના આપો આ બધી બોધ કથાઓ છે આ ઉપદેશ ધર્મ ગુરુ ઓ સામાજિક આગેવાનો આપતા હતા હવે નેતા ઓ આપવા લાગ્યા છે આનો મૂળ ઉદ્દે શ ૨૪ કલાક વાતમાં રહેવાનો છે સારી સારી વાતો કરી સજ્જન દેખાવાનો પ્રયત્ન કરવાનો છે પર્જાએ એક વાર કેવાની જરૂર છે કે અમને અમર હાલ પર છોડો અમ્રુ જે થવાનું હશે એ થશે તમે વહીવટ માં ધ્યાન આપો તમે પ્રચાર છોડો તમે પ્રવચનો છોડો. તમે શિક્ષણ આપો, વાંચવું ના વાંચવું અમે નક્કી કરીશું. તમે કાયદા બનાવો અને તોડે અને સાજ કરો એટલે દેશ બરોબર ચાલશે. ગમે ગામ રસ્તા પાણી અને વીજળી પહોચાડો એટલે શૌચાલય આપો આપ બનશે કોઈ ને ખુલ્લા માં જાવ નો શોખ નથી થતો

આપણે આત્મ નિર્ભરતાનો અર્થ સમજવાની જરૂર છે. ગાંધીજીના ભારત છોડો માં આ અત્મ્નીર્ભારતા નો ધ્વનિ હતો. બીજાને આપણી ચિંતાના નામે દંભ ના કરવા દેવા નો પડકાર હતો. આ દેશમાં અવતારો ઘણા થયા પણ, દેશની પ્રજા નું સામન્ય લેવલ ત્યાનું ત્યાં જ છે. માટે ગાંધીજી એ કહ્યું કે હવે અવતારો ની જરૂર નથી. ઉધારકો આઘા ખાસો અમારૂ પતન થાયતો પણ ભલે, અમને અમરા હાલ પર છોડો. તમે ભારત છોડો ..તમે ભાષણ છોડો.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# આજે મારો ઉપવાસ છે..!

## મંગલ મસ્તી



રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**ઉપવાસના રીટર્ન ભરતા નથી, એટલે અત્યાર સુધીમાં કેટલા ઉપવાસ કર્યા એનો રેકોર્ડ નોંધાતો નથી એટલે વધ્યા-ઘટ્યા ઉપવાસ શ્રાવણમાં સરભર થાય**

કોઈ પણ ચમરબંધીની તાકાત નહીં કે, ગુજરાતી મહિનાઓને ઉલટસુલટ કરી શકે. ઋતુઓ સિવાય આ હક્ક કોઈને નથી. ઋતુઓ એવી બેફામ કે, ધારે તો દિવાળીમાં વરસાદ લાવી શકે, ઉનાળામાં બરફનાં કરાં પાડી શકે, દરિયાનાં પાણીને ઘરનાં દર્શન કરાવી શકે, તહેવારોની પથારી ફેરવી શકે, ને લગન સીઝનમાં વરરાજા જેવા રાજાને પણ પિલ્લેલા મરઘા જેવો બનાવી શકે..! શરમ નહિ..! સારું છે કે, ગુજરાતી તહેવારો ગુજરાતી મીડીયમ છોડીને, અંગ્રેજી મીડીયમમાં જવા પાટલી બદલતા નથી. નહિ તો, નાગપંચમી Snake-five, રાંધણ છઠ cooking-six અને શીતળા સાતમ smallpox-seven બની ગઈ હોત. Cooking-six માં પીઝા-બર્ગર-મેગી-મન્ચુરીય્મના તપેલા ચઢ્યા હોત તે અલગ! આવા તહેવારોએ ગુજરાતી મહિનાને સાચવી રાખ્યો છે. ચમનિયો મને કહે, 'રમશા...! ગુજરાતી મહિનાને ચિરંજીવ રાખવા મારી પાસે એક સોલ્લીડ આઈડિયા છે. કોઈ ધોળિયાના મલકમાં વસવા જાય તો ધોળિયા પણ જ્ઞાત થઈ જાય કે, બંદો ફલાણા ગુજરાતી મહિનામાં જન્મ્યો હોવો જોઈએ. સાલુ, એક વાત મને હજી સમજાતી નથી કે, એક મહિનાનું નામ 'જેઠ' શી રીતે પડ્યું હશે..? શું એ મહિનામાં જેઠ-જેઠાણીનાં સંમેલન થતાં હશે.? આ તો એક વાત ..!

કોઈ પણ મહિનો ઉપાડો, એમાં એકાદ-બે તહેવારો તો ભેરવાયેલા જ હોય. કોઈ લગનથી વિખ્યાત, કોઈ ખેતીકામથી વિખ્યાત, કોઈ વેકેશનથી વિખ્યાત, કોઈ શ્રાદ્ધથી વિખ્યાત, કોઈ હિસાબથી વિખ્યાત, કોઈ વરસાદથી વિખ્યાત, કોઈ ભાદરવાના ભીંડાથી વિખ્યાત, કોઈ ગરબાથી વિખ્યાત, તો કોઈ પતંગથી વિખ્યાત..! એમાં શ્રાવણ મહિનો એટલે હોલસેલ તહેવારો અને ઉપવાસથી વિખ્યાત..! લોકોના ચહેરા બદલાઈ જાય. શ્રાવણ આવે એટલે, ભીતરમાં સંઘરીને બેઠેલા રાવણ પલાયન થવા માંડે. કપાળનું રંગરોગાન થવા માંડે, જીન્સની જગ્યાએ પીતાંબર ચઢવા માંડે, ગાળ બોલતા હોય તો, તેની જગ્યાએ 'ઓમ નમઃ શિવાય' આવી જાય, મંદીમાં ફસાયેલાં મંદિરો ભગતોથી ઉભરાવા માંડે, કોઈ પૂછે કે કેમ આજે મંદિરમાં..? તો કહે, 'હવે મારે શ્રાવણનો ઉપવાસ છે..!'એના કપાળમાં કાંદા ફોડું..!

ઉપવાસ તો માણસે રાખવા જ જોઈએ. ઉપવાસના રીટર્ન ભરતા નથી, એટલે અત્યાર સુધીમાં કેટલા ઉપવાસ કર્યા એનો રેકોર્ડ નોંધાતો નથી. એટલે વધ્યા-ઘટ્યા ઉપવાસ શ્રાવણમાં સરભર થાય. જેણે બારેમાસ 'ખાધ-વાસ'ભોગવ્યો હોય, એને ઉપવાસ આકરા તો પડે, પણ ઉપરવાસનું પણ વિચારવું પડે ને..? ઉપરવાસમાં સ્વર્ગ અને નરકની બે ફેકલ્ટી હોવાથી, કરેલા ઉપવાસ પ્રમાણે જે તે ફેકલ્ટીમાં એડમિશન મળે. ભૂખ એવી ઉઘડે કે, દીવાલે ટાંગેલું ઘડિયાળ પણ ડોળા કાઢતું લાગે. આખું વર્ષ ભલે પેટને Air bag ની માફક ઊંચકીને ચાલ્યા હોય, પણ ઉપવાસ કરે ત્યારે જ ખબર પડે કે, પેટનો પ્રદેશ શરીરમાં કયા સ્થળે આવેલો છે..! ઝવેરી હીરો ચકાસતો હોય એમ, બિસ્કીટ ઉપાડીને દાનતમાં ગાબડું પાડવાની ઈચ્છા તો થાય, પણ અંદરથી માંહ્યલો ના પાડે કે, 'અડતો જ નહિ, આજે તારો ઉપવાસ છે..!'

ઉપવાસ કરવો એટલે 'નીટ'પરીક્ષા જેવું..! નીટમાં પેપર ફૂટે, ઉપવાસમાં ઉપવાસીનું નસીબ ફૂટે..! તમામ વાત સાચી કે, ભારતના સંતો-ઋષિઓ તપસ્વી હતા, પણ ફરાળમાં તેમણે શું લીધેલું, તેની કોઈ માહિતી ચોપડામાં નહિ હોવાથી, ઉપવાસી ગુંચવાય જાય યાર..! ઉપવાસ રાખવા એ ખાવાના ખેલ ભલે ના હોય, પણ ભૂખે મરવાના ખેલ તો ખરા..! વળી, ઉપવાસનો આરંભ ભવ્યાતિભવ્ય હોય. 'ઉપવાસ'નો એવો આદર કરે કે, શરૂ શરૂમાં તો સિંહ જેવી ખુમારી રાખે. અહમ તપસ્વી, અહમ મહાત્મા ગાંધી, અહમ અન્ના હજારેનો આથો આવી જાય. પણ જેવા ઘડિયાળના કાંટા ઊંચા ચઢવા માંડે, એટલે પેટમાં કુરકુરિયાં ફૂટબોલ રમતાં થઈ જાય. છપ્પનની છાતી સંકોચાવા માંડે. પેટ ચીમળાયેલું હોય તો, પેટને શોધવા માટે, GPRS નો સહારો લેવો પડે..! રાત પડે ત્યાં સુધીમાં તો આખું રસોડું ફરાળી કરી નાંખે. અને ફરાળ નહિ મળ્યો તો, ઉપવાસ 'ભમ્મ્મ્મ'પણ થઈ જાય. No ગેરંટી...!

અમારા ચમનિયાને પણ આ વખતે શ્રાવણ માસમાં ઉપવાસ રાખવાનો ઉજમ આવ્યો. જો કે, ઉપવાસ રાખે તે સારું જ કહેવાય. પણ ઉપવાસ કરીને પજવે ત્યારે તો ભાદરવો જ સારો લાગે. ધ્રુજારી એ વાતે છૂટે કે, શ્રાવણ સિવાયના તમામ મહિનામાં "દીવ-દમણ, આબુ, ને ચોથું ઘરનું ધાબું" નું રજવાડું ભોગવ્યું હોય, એવાની તો હાલત બગડી જાય. ઘરના પણ દરેક ટેન્શનમાં આવી જાય કે, આનો શ્રાવણ સહન કેમનો કરીશું..? ઉપવાસના માર્ગેથી પાછો વાળવા, દમ તો ઘણાએ આપ્યો. પણ હઠે ચઢેલો જીવ હેઠો પડ્યો નહિ. આઝાદી મેળવવા મહાત્મા ગાંધીજી પણ કેવા જીદે ચઢેલા ? માર્ચ 1930માં સાબરમતી આશ્રમ છોડતી વખતે કહેલું જ ને કે, કાગડા-કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો પગ મૂકવાનો નથી.'!'તેને પણ ચોપડાવી દીધું કે, કેળા સફરજનની તો ઠીક, 'નાળિયેરની છાલ ઉપર રહેવું પડે તો પણ રહીશ, પણ શ્રાવણનો ઉપવાસ તો હું રાખીશ જ..! એવો કઠણ કલેજાનો.! 'ફાઆઆટુ'ખરો, પણ મગજનો ખાઆઆટુ..! શરીરને એક મહિનાનો શ્રાવણનો 'જીએસટી' લાગ્યો હોય એમ, દાઢી મૂછ વધારીને, બંદાએ 'ભજ મન નારાયણ'ના પાઠ શરૂ કરી દીધા. એકાદ તપેલી સાબુદાણાની ખીચડી, ચાર-પાંચ રાજગરાની પુરી, બટાકાની સૂકી ભાજી, ફરાળી ચેવડો અને ઉપરથી થોડું શ્રીખંડ પણ ચલાવી લઈશ. મારી વ્યાધી કરતી નહિ..! અને રોજ કરતાં વધારે ફરાળી વાનગીઓનું પ્રદર્શન ગોઠવીને બેઠો હોય ત્યારે, ભગવાન પણ અચંબામાં પડી જાય કે, આ બૂચાએ મારી ભક્તિ માટે ઉપવાસ કર્યો છે કે, પછી પેટનો ખાડો પુરવાની મથામણ કરે છે? એક બાજુ સિંગદાણા શેકાતા હોય, બટાકા રંધાવાને બદલે બફાતા હોય, બાજરાને બદલે રાજગરો શેકાતો હોય, સિંગોડાના શીરાની સુંગધમાં રસોડું લપેટાયું હોય, ત્યારે રસોડાને પણ એમ થાય કે, ક્યારેક અમારે પણ ઉપવાસ કરવાના દિન આવતા હોય તો..? ઉપવાસ હોય તો અમને પણ ઉપરવાસીનું સ્મરણ કરવાનું તો મળે..! ઉપવાસીનો આખો રૂઆબ જ બદલાઈ જાય મામૂ..! એને ઉપવાસ કહેવાય કે ઉપહાસ એ તમે જાણો! મને તો એટલી ખબર પડે કે, ઉપવાસી આડો ફાટ્યો તો રાવણ અંદર આવે ને શ્રાવણ બહાર નીકળી જાય..!

### લાસ્ટ બોલ

અમારા શ્રીશ્રી ભગા જેવો શિવભક્ત મેં હજી સુધી જોયો નથી. શ્રાવણ બેસે એટલે મંદિરમાં જઈને શિવભક્તિ તો કરે, પણ શ્રાવણ ઊતરે ત્યાં સુધી ગામમાં જેટલા શંકરભાઈ હોય, એને પણ પગે લાગી આવે, ને એની પણ પૂજા કરતો આવે...! એને ખરો ભગત કહેવાય..!

એના કપાળમાં કાંદા ફોડું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### પતિ-પત્નીના વિખવાદથી સંતાનો પર થતી અસર

વર્તમાન સમયમાં સમાજમાં અહમ્ના ટકરાવને કારણે ક્યારેક પતિ-પત્નીના સંબંધમાં વિખવાદ દશ્યમાન થાય છે. વાંક બંને પક્ષનો હોઈ શકે. એની જાણ પરિવારજનોને વધુ હોય છે. વિખવાદ જ્યારે ઝઘડાનું સ્વરૂપ ધારણ કરે ત્યારે નાની વયનાં સંતાનો હેબતાઈ જતાં હોય છે અને આ ઝઘડા લગભગ વિભક્ત કુટુંબમાં વધુ દશ્યમાન થાય છે! સંયુક્ત પરિવારમાં વડીલોની હાજરી અને એમના તરફથી મળતી સલાહ સુલેહ કરાવતી જ હશે. પરંતુ જે પતિ-પત્ની પરિવારથી કોઈ કારણસર અલગ રહેતાં હોય અને એમની વચ્ચે લડાઈ-ઝઘડા થતા હોય તો એમનાં સંતાનો પર વિપરીત અસર થવાની શક્યતા રહેલી હોય છે. ભવિષ્યમાં એ સંતાનો પ્રેમ પામવા ગેરમાર્ગે કદાચિત્ દોરાઈ શકે. જે સંતાનોએ શૈશવકાળ દરમિયાન માતાપિતાના વિખવાદ, ઝઘડા, અહમનો ટકરાવ, એક છત નીચે રહેતાં હોવા છતાં માનસિક રીતે જોજનો દૂર રહેતાં માતાપિતા વિ. અનેક અયોગ્ય ઘટના નિહાળી હોય એવાં સંતાનોને ક્યારેક લગ્નસંસ્થા પર વિશ્વાસ ઊઠી જાય છે, અર્થાત્ સંતાનો નાની વયનાં હોય તો એમની હાજરીમાં માતાપિતાએ સમજદારી દાખવી ઝઘડો ટાળવો જ રહ્યો. વૈચારિક સંઘર્ષ હોય પણ સહનશીલતા અને અનુકૂલન સાધી સંતાનોના ભવિષ્યનો વિચાર અવશ્ય કરવો. બાળકોની હાજરીનું ધ્યાન રાખવું.

**સુરત - નેહા શાહ**

### સાચી આઝાદી: માત્ર ઉજવણી નહીં, જવાબદારી

દર વર્ષે 15 ઓગસ્ટે સમગ્ર ભારત દેશભક્તિના રંગમાં રંગાઈ જાય છે. શાળાઓ, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ તિરંગો ફરકાવવામાં આવે છે અને શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. પરંતુ એક પ્રશ્ન દરેક નાગરિકે પોતાની જાતને પૂછવો જોઈએ–શું આપણે સાચા અર્થમાં આઝાદ છીએ? દેશને અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ મળી, પરંતુ આજે પણ સમાજમાં ભ્રષ્ટાચાર, અંધશ્રદ્ધા, મહિલાઓ પર અત્યાચાર, જાતિવાદ, નશાખોરી, પર્યાવરણ પ્રદૂષણ અને સામાજિક અસમાનતા જેવી અનેક સમસ્યાઓ છે. જ્યાં સુધી આ બુરાઈઓ દૂર નહીં થાય, ત્યાં સુધી સાચી આઝાદીનો અર્થ અધૂરો રહેશે. સાચી સ્વતંત્રતા ત્યારે જ કહેવાય જ્યારે દરેક બાળકને શિક્ષણ મળે, દરેક મહિલાને સુરક્ષા અને સન્માન મળે, દરેક યુવાનને રોજગારીની તક મળે અને દરેક નાગરિક કાયદાનું પાલન કરીને પોતાની ફરજ બજાવે. સમાજમાં પ્રેમ, એકતા અને માનવતા જેવા મૂલ્યો વિકસે, ત્યારે જ આઝાદીનું સાચું સ્વરૂપ જોવા મળશે. આઝાદી માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની ફરજ છે. આપણે ટ્રાફિકના નિયમોનું પાલન કરીએ, સ્વચ્છતા જાળવીએ, વૃક્ષો વાવીએ, ભેદભાવનો ત્યાગ કરીએ અને દેશના વિકાસમાં પોતાનો ફાળો આપીએ એ જ સાચી દેશભક્તિ છે. સાચી આઝાદી ત્યારે જ મળશે જ્યારે દરેક ભારતીય ગૌરવ, સુરક્ષા અને સમાનતા સાથે જીવન જીવી શકશે. અને "સાચી આઝાદી ઉજવણીમાં નહીં, પરંતુ જવાબદાર નાગરિક અને સંસ્કારી સમાજના નિર્માણમાં છે."

**સુરત - સંદીપ માંગુકિયા**

### શ્રાવણ ના વ્રતમાં પ્રકૃત્તિ અને પર્યાવરણનું સંવર્ધન

વરસાદે વિરામ લીધો છે. પ્રવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે. ભોળાનાથ મહાદેવદાદાના શિવાલયોમાં ભક્તોની ભીડ જામી રહી છે. શ્રાવણ માસમાં તહેવારોની હેલી થશે. શ્રાવણના પર્વમાં ગુજરાતમાં બહેનો વિવિધ વ્રત કરે છે. આ વ્રતમાં પ્રકૃત્તિ અને પર્યાવરણના સંવર્ધનની ભાવના રહેલી છે. નાગ પાંચમના દિવસે લોટનો નાગ બનાવી પૂજા કરે છે અને નોળીયા નોમના દિવસે લોટના નોળીયાની પૂજા કરી વ્રત રાખે છે. નાગ,નોળીયાની પૂજા પ્રાણી અને પ્રકૃત્તિના રક્ષણનો ભાવ છે. રાંધણ છઠના દિવસે વિવિધ પ્રકારની રસોઈ બનાવવી અને રાત્રે સગડી ઠંડા પાણીથી ઠારી લાલ ઘેરું લગાડી નવા જેવી બનાવી સગડીની કકું ચોખાથી ઘરના તમામ સભ્યો પૂજા કરે. હવે ગેસના ચુલાની પૂજા કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં એવું સમજાયું કે અહીં પર્વ સાથે પ્રકૃત્તિ અને પર્યાવરણના સંવર્ધનને સંરક્ષણની ભાવના રહેલી છે. આ કોઈ અંધશ્રદ્ધા નથી પણ પર્યાવરણ અને પ્રકૃત્તિની પૂજાનો ભાવ છે. બીજે દિવસે શિતળા સાતમના દિવસે ટાઢું ભોજન કરી વ્રત કરવામાં આવે છે.વેલા ચઢાવી શિતળામાતાની પૂજા કરવામાં આવે છે.બાળકોની તંદુરસ્તી સારી રહે અને ઓરી અછબડા નહિ થાય એવો ભાવ રહેલો છે. કાજલી ત્રીજના દિવસે ટોપલીમાં વાવેલા જવારાની પૂજા કરવામાં આવે છે.જવારાની પૂજા એ પ્રકૃત્તિ તત્વોની પૂજા છે.આજે આપણે પર્યાવરણને બચાવીશું તો કુદરત માનવનું રક્ષણ અચુક કરશે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### E.P.F.O. ને ૧૮૦૦ કરોડનું ગેરકાયદે નુકસાન

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન ને અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કેપિટલ લિમિટેડે ૧૮૦૦ કરોડ રૂપિયાનુ નુકસાન પહોંચાડીયા ના સમાચાર અખબારો માધ્યમ થી જાણવા મળ્યું,સી.બી.આઇ એ રિલાયન્સ કેપિટલ અને તેના પૂર્વ ચેરમેન અનિલ અંબાણી સામે ઈ.પી.એફ.ઓ.ને ૧૮૦૦ કરોડનું નુક્સાન પહોંચાડવા ના કથિત આરોપ સર એફ.આઇ.આર.નોધી છે ,ઈ.પી.એફ.ઓ.એ રિલાયન્સ માં સીકયોરેડ નોન કન્વર્ટ બલ. ડિબેનચર માં રોકાણ કર્યું હતું, જે રોકાણ કરાવવા રિલાયન્સ કેપિટલે કપટ આચરીયા ના પુરાવા મળ્યા. ૮ ટકા રકમ કર્મચારી ના પેન્શન ખાતા માં જમા થાય છે જે રકમ જે રકમ સતત ૧૦ વર્ષ જમા થાય તો જ તેમને પેન્શન ના હક્કદાર થાય છે, ૮ ટકા કામદારો ની રકમ ઈ.પી.એફ.ઓ.મા જમા રહે છે જે અબજો રૂપિયા નું ફંડ હોય છે જેમાંથી સંગઠન ઈ.પી. એસ.૯૫ ના પેન્શન યોજના મુજબ નિવૃત્ત કર્મચારી ને મામુલી ૧૦૦૦ રૂપિયા પેન્શન આપેછે, પેન્શનરો ઘણા વર્ષોથી પેન્શન વધારવા માટે માગણી કરે છે પણ સરકાર વધારતી નથી, કામદારો ના પી.એફ ના અબજો ના ફંડ માં આવા ઉદ્યોગપતિ ઓનો ડોરો હોય છે જે રોકાણ ના બહાને કપટ રીતે ઉચેલી લે છે.આ સંગઠન કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય ની અંદર આવે છે એટલે મંત્રાલય ની પણ જવાબદારી થાય છે.બિચારી કામધેનુ ને તણખલું નહિ અને આખલાઓ ચરી ખાય છે.

**કીમ - પ્રાણજીવન .સી.પટેલ**

### વ્યથા અને વિકલ્પ

આજની પરિસ્થિતિ દરેક ક્ષેત્રમાં નિરિક્ષણ કરતા દુ:ખદ અને ચિન્તા ઉપજાવે એવી છે.દૂરના ભૂતકાળમાં ડોકીયુ કરવાની કોઈ જરૂર નથી. આપણી સમક્ષ પોતાનુ ઈશ્વરીય કામ પૂર્ણ કરીને વિદાય થયેલા, અંશાવતાર મહાત્મા ગાંધીજીએ જે અગીયાર મહાવ્રતો જણાવ્યા એનો વિવેકથી સ્વીકાર કરવાથી મોટાભાગની સમસ્યાનો ઉકેલ એમા છે. આજની ચોમેર ફેલાયલી અશાંતિ, અનેકો તનમનના રોગો, અસંતોષ, જ્યાં નજર કરો ત્યાં છેતરપીંડી, કાયદા કાનુનનો ભય નથી. એટલે બધે ડુપલીકેટ, દૂધ કે તેની અન્ય પ્રોસેસ આઈટેમ બનાવટી, ખોરાક, ફળો, શાકભાજીને તો છોડો. સરકાર નિયમો..કાયદા સુધારા કડક કરે પણ અમલ કયા? જનનાયક ન બનો તો ઠીક પણ જનતાને નૂકશાનકારક પ્રવૃતિ જાણમા આવે તો યોગ્ય જગ્યાએ રજુઆત તો થાય.

**નવસારી - મનુ દયાલ**